# ઇન્ટરનલ રેવન્યુ સર્વિસ (Internal Revenue Service, IRS) ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટની ઓનલાઈન, મેઈલ દ્વારા અથવા ફોન દ્વારા વિનંતી કરવી.

IRS પાસેથી તમારા ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટ મેળવવાની બે રીતો છે. તમે કાં તો એક IRS એકાઉન્ટ બનાવી શકો છો જેમાં ફોટો ID ની જરૂર હોય, અથવા તમે IRS ને હાર્ડ કોપી મેઇલ કરવા વિનંતી કરી શકો છો. તમારી રાજ્ય પાત્રતા ચકાસણી માટે હાયર એજ્યુકેશન સ્ટુડન્ટ એઇડ ઓથોરિટી (Higher Education Student Assistance Authority, HESAA) દ્વારા વિનંતી કરાયેલ
ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટ પ્રદાન કરવા માટે કોઈપણ વિકલ્પ સ્વીકાર્ય છે. બંને પદ્ધતિઓ માટેની સૂચનાઓ માટે કૃપા કરીને નીચે જુઓ.
**નોંધ: જો તમે મેઇલ વિનંતી પસંદ કરો છો, તો ખાતરી કરો કે IRS ને તમારા દસ્તાવેજો મોકલવા માટે પૂરતો સમય આપો.**

## IRS ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટની ઓનલાઈન વિનંતી કરવી

સ્ટેપ 1



વિઝિટ
**www.irs.gov**

સ્ટેપ 2

Get Your Tax Record

"અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ?" અથવા "ફાઇલ" હેઠળ, તમારો " ટેક્સ રેકોર્ડ મેળવો" વિકલ્પ પસંદ કરો.

સ્ટેપ 3

Get Transcript Online

પર ક્લિક કરો
"ટ્રાન્સક્રિપ્ટ ઓનલાઇન મેળવો" આઇકન

- આગળ, ક્લિક કરો [Create a new account – ID.me Create an account] અથવા હાલના એકાઉન્ટથી સાઇન ઇન કરો
- આ સેવાનો ઉપયોગ કરવા માટ તમન નાધણી કરાવવાનું કહેવામાં આવશે, "Continue" પર ક્લિક કરો.
- નોંધણી પ્રક્રિયા શરૂ કરવા માટે સ્ક્રીન પર વિનંતી કરેલી માહિતી એકત્રિત કરો, "Continue" પર ક્લિક કરો
- નોંધણી દરમ્યાન તમારા ઇમેઇલ અને સેલ ફોન નંબર પર એક પુષ્ટિકરણ કોડ મોકલવામાં આવશે જેથી તમારી નોંધણી પૂર્ણ થઈ શકે.
- "Get Transcript" સ્ક્રીન પર "Select a reason you need a transcript" હેઠળ "Higher Education/Student Aid" પસંદ કરો.
- "Return Transcript" હેઠળ યોગ્ય કર વર્ષ પસંદ કરો અને પછી "Continue" પર ક્લિક કરો.

### ! મહત્વપૂર્ણ ટિપ્સ

તમારા ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટ સબમિટ કરતા પહેલા તેની એક નકલ તમારા રેકોર્ડ માટે રાખવાનું યાદ રાખો.
IRS ફેડરલ ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટની વિનંતી કરતી વખતે, કૃપા કરીને યાદ રાખો કે તે ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટ છે,
એકાઉન્ટ ટાન્સક્રિપ્ટ. એકાઉન્ટ ટાન્સકિપ્ટ. અથવા વેતન અને આવક ટાન્સક્રિપ્ટનો રેકોર્ડ નહીં.

| રીટર્ન ટ્રાન્સક્રિપ્ટ ✓ | એકાઉન્ટ ટ્રાન્સક્રિપ્ટનો રેકોર્ડ ✗ | એકાઉન્ટ ટ્રાન્સક્રિપ્ટ ✗ | વેતન અને આવક ટ્રાન્સક્રિપ્ટ ✗ |
|---|---|---|---|
| 2024 ★ | N/A | 2024 | 2024 |
| 2023 | 2023 | 2023 | 2023 |
| 2022 | 2022 | 2022 | 2022 |
| 2021 | 2021 | 2021 | 2021 |

## ઓનલાઈન મેઇલ દ્વારા IRS ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટની વિનંતી કરવી

**ઉપરના એક અને બે પગલાં અનુસરો. પગલુંત્રણ "મેઇલ દ્વારા ટ્રાન્સક્રિપ્ટ મેળવો" પર ક્લિક કરો**

બધા ફીલ્ડ ભરો




**"Return Transcript"** અને **"કTax Year"**
ફાઇનાન્શ્યલ એડ માટે 2026-27 શૈક્ષણિક વર્ષમાં પાત્રતા નક્કી કરવા માટે તમારા 2024 ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટની જરૂર છે.




કૃપા કરીને તમારી ટ્રાન્સક્રિપ્ટ પ્રાપ્ત કરવામાટે 5-10 દિવસનો સમય આપો.




## ફોન દ્વારા IRS ટેક્સ રિટર્ન ટ્રાન્સક્રિપ્ટની વિનંતી કરવી

IRS ને આ નંબર પર કૉલ કરો **1-800-908-9946** પછી મેનુ પ્રોમ્પ્ટ્સને અનુસરો.